Australian Government
Department of Home Affairs

# પ્રોટેક્શન વિઝા વિષે અગત્યની માહિતી

આ માહિતી અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ છે. Australia's protection obligations (homeaffairs.gov.au) જુઓ

## પ્રોટેક્શન વિઝા

પ્રોટેક્શન વિઝા એવા લોકો (અથવા તેમના પરિવારજનો) માટે છે જે, જો તેમનાં ઘરે પાછા ફરે તો નીચેના કોઇ કારણસર નોંધપાત્ર નુક્શાનનો સામનો કરવાની સાચી શક્યતા ધરાવે છે અથવા સતામણીનો ભોગ બનવાની સાચી શક્યતા ધરાવે છે:

- જાતિ
- ધર્મ
- રાષ્ટ્રીયતા
- ચોક્કસ સામાજિક જૂથની સભ્યતા અથવા
- રાજકીય મંતવ્ય.

જ્યારે તમે પ્રોટેક્શન વિઝા માટે અરજી કરો છો ત્યારે તમે તમારા દેશ સામે ઓસ્ટ્રેલિયામાં રક્ષણ માંગી રહ્યા છો.

પ્રોટેક્શન વિઝા એવા લોકો માટે નથી જે ફક્ત ઓસ્ટ્રેલિયામાં કામ કરવા માટે લાંબો સમય રહેવા માંગે છે.

જ્યારે તમે પ્રોટેક્શન વિઝા માટે અરજી કરો છો, ત્યારે તમે જાહેર કરો છો કે નીચેનામાંથી એક અથવા બંને સાચા છે:

- તમે નોંધપાત્ર નુક્સાન ભોગવવાનાં અથવા ખરેખર સતામણીનો ભોગ બનવાનાં સાચા જોખમનો સામનો કર્યા વગર ઘરે પાછા ફરી શકો તેમ નથી.
- તમે એવા વ્યક્તિનાં કુટુંબીજન છો જેણે આવો દાવો કર્યો છે.

જો તમે કાયદેસર રીતે અન્ય દેશમાં (તમારા દેશ સિવાય) દાખલ થઇ શકો અને ત્યાં સલામત રીતે રહી શકો, કે જ્યાં તમારે નોંધપાત્ર નુક્સાન અથવા સતામણીનો ભોગ બનવાની સાચી શક્યતાનો સામનો ન કરવો પડે તેમ હોય, અને તે દેશ તમારે નોંધપાત્ર નુક્સાન અથવા સતામણીનો ભોગ બનવું પડે તેવી સાચી શક્યતા હોય તેવા દેશમાં તમને પાછા મોકલે તેમ ન હોય તો, તમને પરોટેક્શન વિઝા આપવામાં આવશે નિહં. તમારે પરોટેક્શન વિઝાની અરજી તો જ કરવી જોઇએ જો તમને ઓસ્ટ્રેલિયામાં **વાસ્તવમાં રક્ષણની જરૂર** હોય.

તમને અને તમારી પરિસ્થિતિને વધુ અનુકૂળ હોય તેવા અન્ય વિઝા હોય શકે છે. અન્ય વિઝાઓ વિશે Explore visa options (homeaffairs.gov.au) પરથી માહિતી મેળવો.

# જો તમારી પ્રોટેક્શન વિઝા અરજી નામંજૂર કરવામાં આવે તો શું થશે?

જો તમારી પ્રોટેક્શન વિઝા અરજી નામંજૂર કરવામાં આવે તો, મોટાભાગનાં બીજા વિઝાઓ માટે તમે અરજી કરી શકશો નહિ અને જો તમારી પાસે યોગ્ય વિઝા ન હોય તો તમારે ઓસ્ટ્રેલિયા છોડવું પડશે. જો તમારી પાસે યોગ્ય વિઝા ન હોય તો, તમારી અટકાયત થઇ શકે છે અને તમને ઓસ્ટ્રેલિયામાંથી કાઢી મુકવામાં આવી શકે છે.

જો તમારી અટકાયત કરવામાં આવે અને ઓસ્ટ્રેલિયામાંથી કાઢી મુકવામાં આવે તો, તમારે તેનો ખર્ચ પરત કરવો પડી શકે છે. તે હજારો ડૉલર હોય શકે છે.

ઇનકાર કરવામાં આવેલ પ્રોટેક્શન વિઝાની અરજીની નોંધ તમારી હિજરત નોંધો પર આજીવન રહેશે. તે તમારા અને તમારાં પરિવાર માટે ભવિષ્યમાં ઓસ્ટ્રેલિયાની મુલાકાત લેવાનું અઘરું પણ કરી શકે છે. તમે કયા પ્રકારનાં વિઝા માટે અરજી કરો છો તેના આધારે, ઇનકાર કરવામાં આવેલ પ્રોટેક્શન વિઝા અરજી ઓસ્ટ્રેલિયા સિવાયનાં દેશો માટેની તમારી ભવિષ્યની વિઝા અરજીઓને પણ અસર કરી શકે છે.

# રક્ષણનો દાવો કરતી વખતે તમારી જવાબદારીઓ

ગૃહ બાબતોને લગતું ખાતું નિર્ણય લે તે પહેલાં તમારા રક્ષણનાં દાવાની વિગતો અને તેને ટેકો આપતાં પૂરાવા આપવાની જવાબદારી તમારી છે.

તમારે ઓસ્ટ્રેલિયામાં રક્ષણની જરૂર કેમ છે તેની સ્પષ્ટતા કરવી પડશે અને જેમ બને તેમ જલ્દી ખાતાંને સંપૂર્ણ અને સચોટ માહિતી આપવી પડશે.

જ્યારે પ્રોટેક્શન વિઝા માટે અરજી કરો ત્યારે, અન્ય વ્યક્તિ તમારા વતી તે ભરીને જમા કરાવતાં હોય તો પણ તમે આપેલી બધી જ માહિતી સાચી અને સચોટ છે તે સુનિશ્ચતિ કરવાની ફરજ તમારી છે.

તમે શેના માટે અરજી કરી રહ્યા છો અને અરજીમાં કઇ માહિતી આપવામાં આવી રહી છે તે સમજ્યા વગર તમારે અન્ય કોઇને પણ તમારા વતી પ્રોટેક્શન વિઝાની અરજી કરવા દેવી જોઇએ નહીં.

તમે યોગ્ય પ્રકારનાં વિઝા માટે અરજી કરો અને તમારા વિઝાની શરતોનું પાલન કરો તે સુનિશ્ચિત કરવાની તમારી ફરજ છે, પછી ભલે તમે તે નોંધાયેલ ઓસ્ટ્રેલિયન માઇગ્રેશન એજન્ટ અથવા ઓસ્ટ્રેલિયાનાં કાનૂની વ્યવસાયિકનો ઉપયોગ કરીને કર્યું હોય.

માન્ય માઇગ્રેશન એજન્ટોને ગૃહ વિભાગ ખાતાની વેબસાઇટ પર સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. steps to choose a migration agent (mara.gov.au) અનુસરો.

# ખોટા દાવા બદલ દંડ

જ્યારે પ્રોટેક્શન વિઝા માટે અરજી કરતાં હોય ત્યારે અરજીકર્તાઓએ હેતુપૂર્વક નિવેદન કરવાનું હોય છે.

ખોટી કે ગેરમાર્ગે દોરનારી માહિતી આપવી એ ઓસ્ટ્રેલિયામાં ગંભીર ગુનો છે અને તમને ફોજદારી દંડની સજા થઇ શકે છે.

વિઝા અરજીમાં ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી માહિતી આપનાર વ્યક્તિને મોટો દંડ, ૧૦ વર્ષની જેલ અથવા બંને થઇ શકે છે.

જો તમારા વિઝા મંજૂર થયા પછી એવી ખબર પડે કે તમે ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી માહિતી આપી છે તો, તમારા પ્રોટેક્શન વિઝા રદ કરી શકાય છે.

# નિઃશુલ્ક કાનૂની સલાહ ઉપલબ્ધ છે

તમે પ્રોટેક્શન વિઝા માટે અરજી કરો તે પહેલાં તમારા રાજ્ય અથવા પ્રદેશમાં નિષ્ણાત કાનૂની રેફ્યુજી અને ઇમિગ્રેશન પ્રદાતા પાસેથી free legal advice લેવા માટે તમને ભારપૂર્વક પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આ પ્રદાતાઓ તમને નીચે મુજબ મદદ કરી શકે છે:

- તમે પ્રોટેક્શન વિઝા માટે અથવા અન્ય વધુ યોગ્ય વિઝા માટે પાત્ર છો કે કેમ તે જાણવામાં
- અરજી પ્રક્રિયાને સમજવામાં
- પ્રોટેક્શન વિઝા ઇનકારની અસરોને સમજવામાં
- જો જરૂર હોય તો, પ્રોટેક્શન વિઝાની અરજી ભરી અને દાખલ કરવામાં.

તમે તમારા રાજ્ય અથવા પ્રદેશમાં લિગલ એઇડ કે કમ્યુનિટી લિગલ સેન્ટરમાંથી પણ નિઃશુલ્ક કાનૂની સલાહ મેળવી શકો છો.